આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૪૨
સૂર્યાસ્ત : ૦૬.૫૫

તાપમાન

મહત્તમ : ૪૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૩ ટકા ● સાંજે ૨૪ ટકા

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧ : બ્લડ મની : ૧૦.૦૦, પાન સિંઘ તોમર : ૧૨.૧૫
એજન્ટ વિનોદ :૧૨.૩૦,૩.૩૦,૬.૪૫,૧૦.૦૦

સ્ક્રીન-૨ : કહાની :૧૧.૪૫, બ્લડ મની : ૧.૦૦, ૫.૪૫, ૧૦.૧૫
વર્થ ઓફ ધ ટાઈટન્સ (હિન્દી) : ૩.૪૫, વર્થ ઓફ ધ ટાઈટન્સ : ૮.૧૫
એજન્ટ વિનોદ : ૨.૧૫

સ્ક્રીન-૩ : કહાની : ૧૧.૪૫, ૫.૩૦, ૭.૪૫, ૧૦.૧૫
એજન્ટ વિનોદ : ૨.૧૫, ૬.૪૫

સ્ક્રીન-૪ : બુમબુ : ૧૦.૦૦, ૧૦.૦૦
એજન્ટ વિનોદ : ૧૦.૦૦, ૫.૧૫, ૮.૩૦
પાન સિંઘ તોમર : ૧૨.૧૫, કહાની : ૩.૦૦, ૭.૪૫ બ્લડ મની : ૫.૪૫

સિને મેક્સ

સ્ક્રીન-૧ : વર્થ ઓફ ધ ટાઈટન્સ- ઉડી(હિન્દી) : ૧૦.૦૦,૧૨.૩૦, ૩.૦૦,૫.૩૦, ૧૦.૪૫
એજન્ટ વિનોદ : ૭.૪૫

સ્ક્રીન-૨ : એજન્ટ વિનોદ :૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ : બ્લડ મની :૯.૪૫, ૧૨.૦૦, ૨.૦૦, ૪.૧૫, ૬.૩૦, ૮.૪૫, ૧૧.૦૦

સ્ક્રીન-૪ : કહાની :૧૦.૩૦, ૩.૧૫, ૮.૦૦, ૧૦.૩૦
બુમબુ : ૧.૦૦, ૫.૪૫

આર વર્લ્ડ

સ્ક્રીન-૧ : બ્લડ મની :૧૧.૩૦, ૨.૧૫,૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

સ્ક્રીન-૨ : એજન્ટ વિનોદ : ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩ : વર્થ ઓફ ધ ટાઈટન્સ : ૧.૧૫, ૫.૪૫, ૧૦.૩૦

સૂર્યા, વાવોલ

ઉમિયા મા પધાર્યા મારા આંગણે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઉમિયા મા પધાર્યા મારા આંગણે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

સામાજિક

● ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સાંજે ૫.૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧માં રાખવામાં આવેલ છે.

આપની આજ

- કિશોર ત્રિવેદી

મેષ : વારસાગત મિલકતના પ્રશ્નોનો ઉકેલ આવે. રાજકીય ક્ષેત્રે પદ-પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. સમય શુભ.

વૃષભ : આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવતો જણાય. નોકરી -વેપાર ક્ષેત્રે સમય પ્રગતિકારક બની રહે.

મિથુન : કુટુંબીજનો સાથે યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વાહન, જમીન-મકાનની ખરીદી થઈ શકે છે.

કર્ક : નોકરી -વેપાર ક્ષેત્રે સમય પ્રગતિદાયક બની રહે. કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યું બની રહે. દિવસ આનંદમય રીતે પસાર થાય.

સિંહ : ભૌતિક સુખ સુવિધામાં વધારો થતો જણાય. કાર્યક્ષેત્રે સમય પ્રગતિદાયક બની રહે. સ્થાવર મિલકતના પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે.

કન્યા : સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. કોર્ટ- કચેરીના, સ્થાવર મિલકતના પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે.સમય સાનુકૂળ.

તુલા : ભૌતિક સુખ સુવિધામાં વધારો થતો જણાય. નાણાંકીય સ્થિતિમાં સુધાર આવતો જણાય. કૌટુંબીક વિખવાદોનો અંત આવતો જણાય.

વૃશ્ચિક : રોકાયેલા નાણાં પરત મળી શકે છે. સામાજિક જવાબદારીઓમાં વધારો થતો જણાય. કાયદાકીય પ્રશ્નોનો ઉકેલ આવતો જણાય.

ધન : માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી લેવી. આકસ્મિક ધન- લાભ થઈ શકે છે.

મકર : રોકાયેલા નાણાં તથા કાર્યો પૂર્ણ થઈ શકે છે. વેપાર અર્થે થયેલ પ્રવાસ લાભદાયી બની રહે. કાયદાકીય પ્રશ્નોનો હલ આવતો જણાય.

કુંભ : આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. વેપાર અર્થે યાત્રા-પ્રવાસ લાભદાયી થઈ શકે છે. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે.

મીન : આવક કરતાં ખર્ચના વધે તેની કાળજી રાખવી. વિદેશથઈ શુભ સમાચાર આવી શકે છે. આરોગ્ય સુખમય રહે.સમય સાનુકૂળ

ચિરવિદાય

- સ્વ. પુરીબેન ઈશ્વરભાઈ પટેલ (ઉ.વ.૯૦) પ્લોટ નં. ૧૩૦૮, સેક્ટર-૨૭, ગાંધીનગર
- સ્વ. પશાભાઈ પાનાભાઈ રાઠોડ (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૧૫૭૭/૧, સેક્ટર-૨/સી, ગાંધીનગર

દુ:ખદ અવસાન

ગૃહ વિભાગમાં ડ્રાઈવર તરીકે કામગીરી બજાવી ચૂકનાર (રીટાયર્ડ) નિવૃત્ત (મનુભાઈ) મનહરભાઈ ઈશ્વરલાલ નાયીનો તાજેતરમાં સ્વર્ગવાસ થયો છે. સ્વર્ગસ્થ મનહરભાઈ (મનુભાઈ)નું બેસણું તા. ૨ એપ્રિલ-૨૦૧૨ને સોમવારે સવારે ૮ થી ૧૨ કલાકે પ્લોટ નં. ૪૯૪/૧, સેક્ટર-૬-બી, નાના શોપીંગની સામે, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.

પરચૂરણની તંગીને લીધે રબર સ્ટેમ્પ મારેલી કૂપનો વાપરતા વેપારીઓ

રૂ. ૧, ૨ અને પના સિક્કાઓ બાબતે ગ્રાહકોને વેપારીઓ સાથે ચડભડ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીઆએ શહેરના નાગરિકો વતી ઉઠવા પામેલી રૂ. ૧, ૨ અને પના સિક્કાઓની કારમી તંગી બાબતે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું છે કે, છેલ્લા ઘણા સમયથી શહેરના નાના-મોટા વેપારીઓ પાસે રૂ. ૧,૨, અને પના સિક્કાઓના નાણાંકીય વ્યવહાર સાચવવા બાબતે ગ્રાહકોને રકઝક થાય છે. રોજીંદી અને જીવનજરૂરી વસ્તુઓ મેળવવા માટે વેપારીઓ પાસે જવાનું થાય ત્યારે સિક્કાના પરચુરણની તંગીને લીધે વેપારીઓ પાસે ક્યારેક ઝઘડા કે અશાંતિ ઉભી થાય છે.

શહેર નાગરિક પરિષદે તાજેતરમાં બનેલી ઘટનાની વિગત આપતા જણાવ્યું હતું કે, સેક્ટર-૭ના મુખ્ય શોપીંગ સેન્ટરમાં આવેલ દૂધ કેન્દ્રમાં કાયમ માટે રૂ. ૧,૨ અને પનું પરચૂરણ ઉપલબ્ધ હોતું નથી. તેથી ગ્રાહકોને પૈસા પાછા આપવામાં પરચૂરણના સિક્કા આપવા જોઈએ તેને બદલે તે દૂધ કેન્દ્રની રબર સ્ટેમ્પ મારેલી કૂપનો આપે છે. દૂધ કેન્દ્રવાળા સમાંતર ધોરણે પોતાની રબર સ્ટેમ્પવાળી કૂપન દ્વારા બિનઅધિકૃત રીતે નાણાંકીય વ્યવહાર કરે છે. દરરોજ હજારો રૂપિયાનો દૂધ અને દૂધની બનાવટોનો વેપાર કરનાર તે વિક્રેતા પાસે કાયમ પરચૂરણની તંગી હોય છે.

પાટનગરના નાગરિકોને વારંવાર પરચૂરણ બાબતે નાની-મોટી ચડભડ થતી હોય છે. તો તંત્ર આ બાબતે યોગ્ય પગલા લે અને જરૂરી જણાય ત્યાં પૂરતાં પ્રમાણમાં પરચૂરણની તંગી દૂર કરે તેવી પાટનગરવાસીઓની લાગણી છે.

ગાંધીનગર જિલ્લાના વલાદ ગામે આવેલા કાલી-કલાધામ નામે પ્રખ્યાત ધાર્મિક સ્થાન આવેલું છે.જ્યાં દર વર્ષે ચૈત્ર અને આસો માસની નવરાત્રિ ભારે ધામધૂમથી ગાદીના મહંત શ્રી અનિલકુમાર સરજુદાસજીની નિશ્રામાં ભાવિક ભક્તોની હાજરીમાં ઉજવાઈ હતી. આઠમના રોજ રાત્રિના ૧૨ વાગે મહાઆરતી યોજાઈ હતી. આ મહાઆરતીમાં હાજરી આપવા લોકો ઠેર-ઠેરથી ઉમટી પડ્યા હતા. જ્યારે રવિવારના રોજ મહાયજ્ઞ યોજાયો હતો અને શ્રીફળ હોમી પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

આજે વૈષ્ણોદેવી મંદિર દ્વારા 'પંચકુંડી શતચંડી મહાયજ્ઞ'નું આયોજન

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર-સરખેજ હાઈવે, અમદાવાદ મુકામે આવેલ જગતજનની મહામાયા શ્રી માતા વૈષ્ણોદેવી મંદિરના ૧ ઉમાં વાર્ષીક પાટોત્સવ નિમિત્તે ચૈત્ર સુદ-૧૦ ધર્મરાજ દશમીને આજે સોમવારે તા. ૨ એપ્રિલ-૨૦૧૨ના શુભ દિવસે એક દિવસીય 'પંચકુંડી શતચંડી મહાયજ્ઞ'નું ચોથી વખત વિના મુલ્યે માઈભક્તોના લાભાર્થે મંદિર હસ્તે આયોજન કરવામાં આવી રહ્યું છે. સંજોગોવશાત જે ભક્તો યજ્ઞનું આયોજન નથી કરી શકતા તે ભક્તો માટે આ ચૈત્રી નવરાત્રીમાં માં ના આશીર્વાદ લઈ ધન્ય થવાનો આ અનેરો લહાવો હોઈ સૌ ભક્તજનો તેનો લાભ લઈ શકશે.

કચ્છના અખાતમાં સમુદ્રી ગાયોની વસતી જોવા મળી

ગાંધીનગર, તા.૦૧

ભારતમાં ફક્ત ત્રણ સમુદ્રી વસાહતોપૈકી એક ગુજરાતના કચ્છના અખાતમાં ડુગોંગ (સમુદ્રી ગાય)ની વસતી જોવા મળી છે. અખાતના સમુદ્ર ગેરકાયદે શિકારને લીધે સમુદ્રી ગાયના અસ્તિત્વ પર ખતરો તોળાઈ રહ્યો છે. આ ઉપરાંત માછીમાર દરમિયાન પણ સમુદ્રી ગાયોને નુકસાન થઈ રહ્યું છે. રાજ્યના વનમંત્રીએ લેખિત ઉત્તરમાં જણાવ્યું હતું કે, કચ્છના અખાતમાં સમુદ્રીગાયોને બચાવવા માટે સરકાર પગલાં ભરી રહી છે. જેમાં માછીમારોને સમુદ્રી ગાયના રક્ષણ માટે જાણકારી આપામાં આવે છે. દરિયાઈ જીવ સૃસ્ટિના જીવોને નુકસાન ના થાય તે માટે ક્ષેત્રીય સ્ટાફ દ્વારા ચાંપતી નજર રાખવામાં આવે છે. પ્રકૃતિ જન શિબિરો દ્વારા લોકોને દરિયાઈ જીવો સહિત વન્ય પ્રાણીઓના સંરક્ષણ માટે સમજણ આપી જાગૃતિ લાવવામાં આવી છે.

જાયન્ટ્સ ગૃપ દ્વારા ઉજીએ જળસંપત્તિ નિગમમાં રક્તદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૧

જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગરે ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ કચેરી, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર ખાતે તારીખ ૩-એપ્રિલ-૨૦૧૨, મંગળવારના રોજ સવારે ૧૧.૦૦થી બપોરના ૧.૦૦ કલાક સુધી સ્વૈચ્છિક રક્તદાન કેમ્પનું આયોજન કર્યું છે.

ગાંધીનગર ખાતે આવેલી ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમની કચેરીઓના અધિકારીઓ અને કર્મચારીઓ બ્લડ ડોનેશન કેમ્પમાં સ્વૈચ્છિક રક્તદાન કરી સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડશે. અમદાવાદની સિવિલિ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલી એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલના અનુભવી ડોક્ટર તથા અન્ય કર્મચારીગણ તેમની વાન સાથે હાજર રહી રક્તદાતાઓનું રક્ત લેશે. જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગરના ઉપ પ્રમુખ બી.એમ. પટેલ અને જળ સંપત્તિ વિકાસ નિગમના કાર્યપાલક ઈજનેર આ કેમ્પની સફળતા માટેનું આયોજન કરી રહ્યા છે એમ જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગરના પ્રમુખ સાંકાભાઈ જે. પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે.

જ્વેલરી એક્સાઈઝ ડ્યુટી વિરુદ્ધ લડતને વેગ અપાશે

અમદાવાદ, તા.૦૧

કેન્દ્ર સરકાર દ્વારા બ્રાન્ડેડ અને અનબ્રાન્ડેડ જ્વેલરી પર નાંખવામાં આવેલી એક્સાઈઝ ડ્યુટી સામેના આંદોલનને ૧૭ દિવસ પુરા થયા હોવાનું ગુજરાત જ્વેલર્સ એસો.ના પ્રમુખ શાંતિલાલ પટેલે જણાવ્યું હતું કે, આંદોલન વધુ લાંબુ ચાલશે પરંતુ વેપારીઓએ સંયમ રાખવાની જરૂર છે. કેન્દ્ર સરકારે એક્સાઈટડ્યુટી પરત ખેંચવાની લેખિત બાયેંધરી આપવાથી જ્યારે એસો.ના સેક્રેટરી હરૂભાઈ ઝવેરીએ કહ્યું હતું કે વેપારીઓ માટે આવતીકાલ સોમવારથી કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવી રહ્યો છે. આ કન્ટ્રોલરૂમમાંથી આંદોલન અંગેની વિગતો જાહેર કરાશે.

આંદોલન દરમિયાન શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં સભાઓ યોજી છે. હજુ વધુ સભાઓ યોજવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આવતીકાલે તા. ૨જીએ બાવળાણાં તથા ઉજીને મંગળવારે ઘાટલોડીયામાં સભા યોજાશે. કુબેરનગર એસો.ના પ્રમુખ રાજેશ લાલચંદાનીએ આદોલનના આગામી કાર્યક્રમ અંગે આંદોલન અંગે માહિતી આપી હતી.

દિકરી સાથે થોડોક સમય ગાળવા નંદાબેન આખો દિવસ રાહ જુએ છે

હવે ત્રણ તો વાગ્યા.. હમણાં બે કલાકમાં તે આવશે. સવારથી ઉઠીને સેવા-પૂજામાં સમય કાઢતા નંદાબેન બપોરે જરાક નવરા પડે એટલે ઘડિયાળ તરફ નજર નાંખી આવું બબડે. પોણાં પાંચ થાય ત્યાં ભારતીબેન નંદાબેનને મળવા આવી જાય. ઘ-૨ની નાગરિક બેન્કના મેનેજર ભારતીબેન રહે છે તો અમદાવાદ પરંતુ, નોકરીએથી છૂટ્યા બાદ સેક્ટર-૨૨માં રહેતા મમ્મી નંદાબેનને મળવા પહોંચી જ જાય. તેમણે વર્ષોથી આ ક્રમ જાળવ્યો છે. મા-બાપ સંતાનોને ભણાવી- ગણાવી મોટા કરે છે. પણ સાથે સાથે તેમની મુશ્કેલીઓ, સમસ્યાઓમાં સતત તેમની પડખે રહી હુંફ પૂરી પાડે છે. એટલે જ જરા પગે ઠોકર વાગે તો પણ ઉઈ, મા.. મોં માંથી નીકળી જાય છે. મા-બાપનો સમય હોય છે ત્યારે તેઓ આપણને સાચવે છે, સંભાળે છે. જ્યારે તેઓ વૃધ્ધ થઈ જાય છે, ત્યારે તેમની સતત પડખે રહેવાની આપણી ફરજ છે. જાતભાતની આર્થિક, સામાજિક જવાબદારીઓ નિભાવતા સંતાનો, ક્યારેક વૃધ્ધ મા-બાપને સમય આપવાનું ચૂકી જાય છે, ત્યારે માતા-પિતાના હૃદય પર શું વિતતી હશે તે વિચારવું જેવું છે. નવી પેઢીના સંતાનોએ ભારતીબેન વિશે જાણવું જ જોઈએ અને માતા-પિતા પ્રત્યેની આપણી શું ફરજ છે. તે સમજવું જોઈએ.

સેક્ટર-૨૨માં રહેતા નંદાબેનના પતિનું ત્રણ વર્ષ અગાઉ અવસાન થતાં તેઓ માનસિક રીતે ભાંગી પડ્યા. ચાર સંતાનો પૈકીના ભારતીબેનો સ્વેચ્છાએ મમ્મીને સતત હુંફ આપવાની જવાબદારી સ્વીકારી. ભારતીબેન પરમારના લગ્ન અમદાવાદ થયા છે અને તેમનો પોતાનો ભર્યો-પાદર્યો પરિવાર છે. આખો દિવસ બેંકની કઠિન નોકરી કર્યા બાદ પરણીત મહિલાને તો સૌ પહેલા ઘર જ યાદ આવે. પરંતુ ભારતીબેન નોકરીએથી છૂટ્યા બાદ ઘ-૨ થી છેક સેક્ટર-૨૨માં પોતાના મમ્મીના ઘરે રીક્ષામાં અથવા કોઈની લીફ્ટ લઈને પહોંચી જાય.

સંબંધ સજાવે જિંદગી
વી આર ફેમીલી
- તબસ્સુમ પઠાણ
gsrelation@yahoo.com

ભારતીબેન કહે છે કે, પપ્પાના અવસાન બાદ મમ્મી એકદમ ભાગી પડી છે. દિકરીઓના લગ્ન બાદ અને પતિના અવસાન બાદ નંદાબેન લાગણીના મોરચે સાવ હારી ગયા છે. એક સમયે એકદમ કડક સ્વભાવના શિક્ષક નંદાબેન એકદમ ઢીલા થઈ ગયા છે. તેમને લાગણીઓના મોરચે ટેકો આપવાની જવાબદારી ભારતીબેને ખુબ સારી રીતે નિભાવી છે. દરરોજ સવારે ૧૦.૦૦ વાગે ઓફિસે પહોંચી જતાં ભારતીબેન ૪.૩૦ કલાકે ફ્રી થઈ જાય છે. ઓફિસ છૂટ્યા બાદ તેઓ મમ્મીના ઘરે દોઢ કલાક રોકાઈને પછી પોતાના ઘરે જાય છે. ભારતીબેન કહે છે કે 'મમ્મીને એવી કોઈ તકલીફ નથી કે મારી તેમને જરૂર પડે. રસોઈ બનાવી લે છે. ઘરનું નાનું મોટું કામ કરી લે છે. અરે મારા માટે પણ, રસોઈ કરી રાખે છે. સવારે મંદિર જાય છે અને બપોરે જમી લીધા બાદ ત્રણ વાગ્યાથી મારી રાહ જોઈ બેસી રહે છે. હું ઘરે જાઉં ત્યારે તેમના મોં પર જે ચમક, આનંદ જોવા મળે છે તે માટે જ હું દરરોજ અચૂક મમ્મીના ઘરે જાઉં છું. શનિવારે મમ્મી સૌથી વધુ ખુશ હોય છે કારણ કે, બેંકમાં જલ્દી કામ પૂરું થઈ જાય છે. રવિવારે એક જ દિવસ હું ન જાઉં પરંતુ, મમ્મીનો ફોન તો ખબર અંતર પૂછવા આવી જાય. અગિયારસ હોય ત્યારે મમ્મી જાતભાતની રસોઈ બનાવે. હું ના કહું તો કહે તારા બહાને હું પણ ખાઈ લઉં છું ને...'

પરિવાર અને બેંકની જવાબદારીની સાથે ભારતીબેન મમ્મી માટે અચૂક થોડોક સમય કાઢે છે

ભર્યા પાદર્યા પરિવારની જવાબદારી આખી જિંદગી નિભાવ્યા બાદ અને સંતાનોને જીવનમાં સ્થાયી કર્યા બાદ વૃધ્ધ માતા- પિતાની એટલી જ ઈચ્છા હોય છે કે તેમના પોતાના તેમની કાળજી લે. ક્યારેક થોડાક સમય કાઢી તેમની વાત સાંભળે. સમયના અભાવનું બહાનું કાઢી સંતાનો જ્યારે આ નાનકડી ફરજ ચૂકે છે ત્યારે કદાચ તેઓ સૌથી મોટી ભૂલ કરી બેસે છે. માતા-પિતાને સંતાનો પાસે માત્ર હુંફ અને સમયની અપેક્ષા હોય છે. એટલું તો આપણે કરી જ શકીએ ને..!

સેક્ટર-૭ની સફરે...

ધાર્મિક ક્ષેત્રે પણ આ સેક્ટર વિશેષ પ્રવૃત્તિશીલ છે, શિવશક્તિ મંદિર, અંબિકા મંદિર, રણછોડરાયનું મંદિર, ભારતમાતાનું મંદિર તથા જૈનબંધુઓ માટે દેરાસરની પણ સુવિધા છે

પ્રથમ નજરે મારું સેક્ટર
- જીજ્ઞેશ જાની

ગાંધીનગરના નવા સેક્ટરોના હાર્દ સમુ સેક્ટર-૭ એટલે સ્ટ્રેટેજીકલ લૉકેશન ઉપર વસેલું સેક્ટર. 'ઘ' અને 'ચ' બે મુખ્ય માર્ગો વચ્ચે આવેલું આ સેક્ટર દરેક દૃષ્ટિએ વિશિષ્ટ ગણી શકાય તેવી તેની ભૌગોલિક પરિસ્થિતિ છે, ગાંધીનગરની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ, ગ્રામ્ય અને શહેરી વિસ્તારો માટેનું પથિકાશ્રમ બસ સ્ટેન્ડ, સિટી બસનું વિટકોસ બસ સ્ટેન્ડ, સેક્ટરની ત્રણ બાજુએ પેટ્રોલપંપ જેમાં સી.એન.જી. પંપ ચ-૩ પાસે તથા ઘ-૨ તેમજ પથિકાશ્રમ ખાતે એલ.પી.જી. પંપની સુવિધા છે. સચિવાલય, બોર્ડ નિગમો તથા સરકારી, અર્ધસરકારી કચેરીઓની સૌથી નજીક આવેલું આ સેક્ટર ખરેખર સમૃધ્ધ લાગે છે. આ સેક્ટરના રહીશોને રોડ વટાવી સે-૬ના ખુલ્લા મેદાનમાં થતા મેળાવળા, સર્કસ, તથા નવરાત્રિ મહોત્સવનો લાભ માણી શકાય છે. પૂ. મોરારી બાપુની કથા હોય, અશ્વ-શૉ હોય કે લાયન્સ કલબ આયોજીત નવરાત્રિ મહોત્સવ હોય આ સેક્ટરના વસાહતીઓને ભરપૂર મનોરંજન માણવાનો લાભ મળે છે. ઉપરાંત મોટા શોપિંગ મૉલ મેઘ મલ્હાર, અભિષેક, શાલિન, સુમન ટાવર, સુમન સિટી, વિજય કોમ્પલેક્ષ, સિનેમેક્સ, રાધે સ્વીટ્સ તથા ખાણીપીણીની અદ્‌ભૂત વેરાયટીઓ સેક્ટર-૭ ની સામે જ ઉપલબ્ધ છે. સેક્ટર-૭નું શોપિંગ સેન્ટર તથા શાક માર્કેટની ગણતરી મોટા શોપિંગ હબ તરીકે કરી શકાય. મુખ્ય શોપિંગ ઉપરાંત અંદર ચીપ ટાઈપના ત્રણ શોપિંગ સેન્ટર આ સેક્ટરનાં વસાહતીઓની જરૂરિયાતો પુરા પાડવામાં મહત્ત્વનું યોગદાન આપે છે. ઉપરાંત લગ્ન પ્રસંગો માટે પટેલવાડી ઉપરાંત સરકારી કોમ્યુનીટી હૉલથી આ વિસ્તાર બારેમાસ ધબકતો રહે છે. શૈક્ષણિક ક્ષેત્રે પણ આ સેક્ટરમાં સવલતો જેવી કે, ચૌધરી વિદ્યાલય તથા કૉલેજ, વહાણવટી સ્કૂલ, સરકારી પ્રાથમિક શાળા, પોસ્ટ ઓફીસનું મકાન તો ખરું જ, સેક્ટર-૮ની ઝેવિયર્સ સ્કૂલ પણ નજીકમાં જ છે. ધાર્મિક ક્ષેત્રે પણ આ સેક્ટર વિશેષ પ્રવૃત્તિશીલ છે, શિવશક્તિ મંદિર, અંબિકા મંદિર, રણછોડરાયનું મંદિર, ભારતમાતાનું મંદિર તથા જૈનબંધુઓ માટે દેરાસરની પણ સુવિધા છે. સૌરાષ્ટ્ર પટેલ વાડીમાં ભોજલરામ મહારાજનું મંદિર વિશેષ આકર્ષણ છે. આ સેક્ટરમાં યોજાતો નવરાત્રિ મહોત્સવ માણવા જેવો હોય છે. આ સેક્ટરની વિશેષતા એ છે કે અહિં પેથોલોજી લેબથી માંડી લગભગ તમામ ફેકલ્ટીના દવાખાના ઉપલબ્ધ છે. દિવાળી દરમ્યાન ફટાકડાના વિશાળ સ્ટૉલ તેમજ ઉત્તરાયણમાં પતંગોની વૅરાયટી લેવા લોકો આ સેક્ટરમાં ઉમટી પડે છે. સેક્ટર-૭એ વિવિધતા સભર, સમૃધ્ધ અને સુઆયોજિત સેક્ટર છે, એમ કહી શકાય.